::આંક–૧ નીચે હુકમ ::

આરોપ : ગુજરાત પોલીસ એકટની કલમ ૧૦૨ તથા ૧૧૭ મુજબ

(૧) આ કામના આરોપી સામે ફરીયાદ પક્ષનો એવો કેસ છે કે,આરોપી સામે કોઠ પો.સ્ટે.મા **ગુજરાત પોલીસ એકટની કલમ ૧૦૨ તથા ૧૧૭ મુજબ** નો ગુનો નોંધાવતા, આરોપી વિરુધ્ધ ગુન્હો નોંધી તપાસના અંતે પુરતો પુરાવો મળી આવતા આ કામે એન.સી રજુ કરવામાં આવે છે.

(૨) આરોપી આજરોજ તેઓને પોલીસ તપાસના કાગળોની નકલ આપવામાં આવી છે અને આરોપીની પ્લી નોંધવામાં આવેલ છે.આરોપીએ ગુનો કબુલ કરવા માંગતા હોવાની પુરસીસ આપી તેની સામેનો ગુનો કબુલ કરવા રજુઆત કરેલ છે.કબુલાત પુરસીસ વંચાણે લેતા, તેમાં જણાવેલ કારણો ધ્યાને લેતા, આરોપીઓ ગરીબ વર્ગના માણસો જણાય છે.તેમજ કુંટુબંમાં માત્ર એક જ કમાનાર સભ્ય છે.બાળ બચ્ચાવાળા ઈસમ હોવાનું જણાઈ આવે છે અને ભવિષ્યમાં બીજો ગુનો નહી કરવાની ખાતરી આપે છે.તેમજ તેનો પ્રથમ ગુનો હોવાનું જણાય છે.અને જો ઓછી સજા અને દંડ કરવામાં આવે તો સમાજમાં માન–મોભા ભર્યા સ્થાનથી જીવી શકે તેવા પ્રયત્નો કરી શકે તેમ છે.તે સંજોગોમાં તેમને ઓછામાં ઓછી સજા અને દંડ કરવો ન્યાયી અને ઉચિત માનુ છું.જેથી આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઈ કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતા ઓછી સજા કરવા માટેનાં વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે.જેથી ઓછામાં ઓછી સજા અને દંડ કરવો જોઇએ તેમ હું નમ્ર પણે માનું છું અને સજા અંગે આરોપીને સાંભળ્યા બાદ ન્યાયનાં હીતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

:: હુકમ ::

(૧) આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૨૫૨ મુજબ **ગુજરાત પોલીસ એકટની કલમ ૧૦૨ તથા ૧૧૭ મુજબ** ના ગુના માટે આરોપીને રૂા.**૫૦/– (અંકે રૂપિયા પચાસ પુરા )** ભરવાનો સજા ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે.અને જો દંડની રકમ ભરવામાં કસુર કરે તો તે બદલ દિન–૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ નેશનલ લોક અદાલત /સ્પે.સીટીંગમાં વાંચી જાહેર કર્યો.

**તા. ૨૨ . ૬ .૨૦૨૪**
**ધોળકા**

**(બી.એમ.ગઢીયા)**
**એડી.ચીફ જયુડી.મેજી.ધોળકા**
**GJ01176**